જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૧/૨૦૨૩ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૬૮/૨૦૨૩

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૬/૦૧/૨૦૨૩ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૫૦ | ૦ | ૧૫૦ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૩ | ૦ | ૧૦૦૭૦૩ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧ | ૨૨,૮૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૯/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૩ કેસ કરી, ૫૦ વ્યક્તિઓને ઝડપી, ૨૬૮ લીટર દેશી દારૂ, ૯૮ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૬૦૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૪૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૦૨,૫૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૦/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૧૭૧/૨૦૨૩**

**ક્રાઈમ બ્રાન્ચઃ** અનુજભાઇ લક્ષ્મીકાંતભાઇ શરાફ (ઉ.વ.૩૪) (રહે. ચલો એવન્યુ, મેપલ કાઉન્ટી-૨, થલતેજ શીલજ રોડ, ઓર્નેડ પાર્ક-૨ નજીક, થલતેજ) એ તા.૨૬/૦૧/૨૦૨૩ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે રામ ઇસપાતના નામે પેઢી ધરાવી ટી.એમ.ટી. સળીયાનો હોલસેલ ટ્રેડીંગનો ધંધો કરતા હોઈ તા.૧૮/૦૧/૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) સંદિપકુમાર પરષોત્તમભાઇ ચૌહાણ (રહે. સવ્યસ્વરાજ, વંદે માંતરમ રોડ, ગોદરેજ ગાર્ડન ચોકડી, ગોતા સોલા અને (૨) નિકેતન સુરેશભાઇ જાદવ (સન કોર્પોરેશન ઠે.સરગાસણ ગાંધીનગર) (રહે. ફેસ્ટીવલ રેસીડન્સી, બાલાજી વીન્ડ પાર્કની બાજુમાં વૈષ્ણવદેવી સર્કલ) એ ભેગા મળી રામ ઇસપાત કંપનીની ઓફીસ ખાતેથી ટી.એમ.ટી. સળીયાનો માલ મંગાવી સમયસર નાણા ચુકવી વિશ્વાસ કેળવી ત્યારબાદ મોટા ઓર્ડરો આપી અનુજભાઈની રામ ઇસપાત પેઢીનાં માલનાં રૂપિયા ૩,૨૦,૮૫,૬૭૪/- તથા અનુજભાઈ શરાફના મિત્ર યાજ્ઞીકભાઇ કિરીટભાઇ પટેલ તથા રાકેશભાઇ પ્રહલાદભાઇ પટેલ વચ્ચેની ફરીયાદીની ભાગીદારી પેઢી નામે રે-મેટલ્સના માલનાં રૂપિયા ૨૯,૯૮,૮૪૦/- તેમજ મિત્ર સુનિલ જંયતીલાલ પટેલની એમ.એસ.ટ્રેડીંગ કંપનીના માલના રૂપિયા ૨,૮૮,૨૩,૦૧૯/- મળી કુલ રૂપિયા ૬,૩૯,૦૭,૫૩૩/- માલ મેળવી લઈ નાણાં નહીં ચુકવી અનુજભાઈ શરાફ તથા તેમના મિત્રો સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એસ.સિસોદિયા ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ** સંજય કનૈયાલાલ નૌતાણી (ઉ.વ.૪૩) (રહે. ગોયલ ઇન્ટરસીટી દુરદર્શન ટાવર સામે થલતેજ) એ તા.૨૬/૦૧/૨૦૨૩ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે નવેમ્બર/૨૦૨૧ થી માહે ફેબ્રુઆરી/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા સી.જી.રોડ ગીરીશ કોલ્ડ્રીંક સામે ક્રીસ્ટલ આર્કેડ ત્રીજો માળ ખાતે ઓફીસ ધરાવી કોપર પ્લેટ, ઈમ્પોટેડ ટાઈલ્સ, પ્રેસીયસ મેટલ્સ, ઈમ્પોર્ટ એક્ષપોર્ટનો ધંધો કરતા આરોપી વિજયભાઇ ઠુમ્મરે સંજયભાઈને ધંધામાં નફો થવાની લોભામણી લાલચ આપી તેમના ધંધામાં પૈસા રોકાણ કરવાનુ કહી કંપનીમાં રૂપિયા ૧૨,૫૦,૦૦,૦૦૦/- રોકાણ કરાવી પૈસા કે નફો નહી આપી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.બી.અગ્રાવત ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૭૨/૨૦૨૩**

**એલીસબ્રીજઃ** સુધીરભાઇ પરષોત્તમદાસ સુરાણી (રહે. કામેશ્વર જ્યોત ફ્લેટ જી.એસ.ટી.ભવનની બાજુમાં મ્યુનિસિપલ શાળા નંબર ૧૭-૧૮ પાસે નહેરૂનગર) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૧/૨૦૨૩ રાતના ૯/૦૦ થી તા.૨૬/૦૧/૨૦૨૩ કલાક ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન એલીસબ્રીજ નહેરૂનગર સર્કલ પાસે શ્રી લક્ષ્મીગૃહ ઉદ્યોગ નામની પોતાની દુકાનનું શટર ઉંચુ કરી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી રોકડ રૂપિયા ૪૧,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.વી.બારીયા ચલાવે છે.

**નારોલઃ** સુનિલભાઇ અર્જુનભાઇ રાવ (રહે. દેવનંદન સોસાયટી ધૈર્ય પેરેડાઇઝની બાજુમાં મોની હોટલનાં ખાંચામા નારોલ) એ તા.૨૬/૦૧/૨૦૨૩ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૧/૨૦૨૩ કલાક ૬/૦૦ થી તા.૨૨/૦૧/૨૦૨૩ કલાક ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૧,૯૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જી.બ્રીદ ચલાવે છે.

**વાસણાઃ** બાબુભાઇ છનાભાઇ કબીરા (રહે. યોગેશ્વરનગર વિભાગ-૧ ગુપ્તાનગર વાસણા) એ તા.૨૬/૦૧/૨૦૨૩ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૧/૨૦૨૩ બપોરના ૩/૦૦ થી તા.૨૬/૦૧/૨૦૨૩ સાંજના ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના ધાબા ઉપર જવાના દરવાજાનું તાળું/નકુચા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૭૮,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એ.મકરાણી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૭૩/૨૦૨૩**

**વસ્ત્રાપુરઃ** અગમ જવાહરલાલ ગાર્ગીયા (રહે. સુર્યકેતુ ટાવર સંભવ પ્રેસની બાજુમાં જજીસ બંગ્લો રોડ બોડકદેવ) એ તા.૨૬/૦૧/૨૦૨૨ સવારના ૧૧/૦૦ વાગે સિંધુ ભવન જીટીપીએલ ઓફીસ સામે ટ્રોફી ફાઇટની ગલીમા પાર્ક કરેલ કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી બે પર્સ ચોરી કરી લઈ ગઈ હતી. પર્સમાં ચાંદીના સિક્કા, લીલા રંગનો નંગ અને રોકડ રૂપિયા ૩૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૩,૮૦૦/- તેમજ જરૂરી દસ્તાવેજ હતા. આ અંગેની ફરીયાદ અગમ ગાર્ગીયાએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એલ.પટેલ ચલાવે છે.

## <u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૭૪/૨૦૨૩</u>

**"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** સુરેશભાઇ ભીખાભાઇ ભરવાડ (ઉ.વ.૪૭) (રહે. ભરવાડવાસ, પીપળજ નારોલ) તા.૨૬/૦૧/૨૦૨૩ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે નારોલથી પીરાણા તરફ જતા સાવધરીયા ફાર્મથી કોઝી હોટલ વચ્ચે ઇલેક્ટ્રીક પોલ નંબર CHL 9205 સામેથી ઓટોરીક્ષામાં બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહનના ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ઓટોરીક્ષાને પાછળથી ટક્કર મારતા, સુરેશભાઇને ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે લઇ જતા તા.૨૭/૦૧/૨૦૨૩ કલાક ૦૦/૫૦ વાગે ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર સુરેશભાઇના ભાઇ ભરતભાઇ ભીખાભાઇ ચૌધરીએ "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.જી.મારૂ ચલાવે છે.

## <u>ટ્રેઈનની અડફેટમાં આવી જતા મૃત્યુઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૭૫/૨૦૨૩</u>

**રાણીપઃ** સાહરભાઇ જીવણભાઇ રબારી (ઉ.વ.૬૦) (રહે. રબારી વસાહત જીવણભાઇની ચાલી એન.આર.પટેલ પાર્ક પાછળ નવા વાડજ) તા.૨૬/૦૧/૨૦૨૩ બપોરના ૪/૨૦ વાગ્યા પહેલા રાણીપ સાબરમતી બ્રોડગેજ રેલ્વે લાઇન પોલ નંબર-૫૦૩/૧૬ થી ૫૦૩/૧૮ વચ્ચે ટ્રેઈનની અડફેટમાં આવી જતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્ર રાજકુમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી